વન અધિકાર અધિનિયમના લાભાર્થીઓ
માટે વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના
ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનઅ-૨૧૧૩-૫૩૮-ચ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૫/૧૧/૨૦૧૪.

આદિજાતિ વિકાસ કમિશ્નરની કચેરી
ગુ. રા. ગાંધીનગર
ઈ.નં. ૨૨૦૭
તારીખ ૨૭/૧૧/૧૪

**વંચાણે લીધાઃ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૧-૮-૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃવનઅ-૨૧૧૩-૫૩૮-ચ.૧.

(૨) કમિશ્નર (આ.વિ.)ની કચેરીનો તા.૧૭-૦૯-૨૦૧૪નો પત્ર ક્રમાંકઃવનઅ-૨૧૧૩-૫૩૮-ચ.૧

**ઠ રા વઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ના લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓનો લાભ આપવા માટે રૂ.૯૬૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે.વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ના તા.૦૬/૦૯/૨૦૧૨ના સુધારેલ નિયમોના નિયમ-૧૬ હેઠળ આ અધિનિયમ હેઠળના લાભાર્થીઓ માટે તેઓના દાવા માન્ય થયાથી તેઓની જમીનના વિકાસ, સુધારણા ઉપયોગ તેમજ ઉત્પાદકતા વધારવા, પીવાના તેમજ સિંચાઇના પાણીની સુવિધાઓ, તેમજ જરૂરી તાલીમ આપવાના હેતુથી સરકારે પ્રોત્સાહક અભિગમ રાખી Hand-holding માટે "વનવાસી ખેડૂત સશક્તિ કરણ યોજના" અમલમાં મૂકી છે.આ યોજનાની બોલીઓ અને શરતો નીચે પ્રમાણે રહેશે.

(ક) **જમીન ના વૈજ્ઞાનિક ઢબે વિકાસ :-**

(૧) ઓછા ઢોળાવોવાળી જમીનમાં કંટુર બંડીગ(Contour Bonding) પ્રથમ વર્ષે ઓછા ઢોળાવોવાળી જમીનમાં કંટુર બંડીગ કરવા માટે જમીન વિકાસ નિગમના દરે હેક્ટર દીઠ રૂ. ૭,૦૦૦/-ની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

(૨) વધુ ઢોળાવોવાળી જમીનમાં ટેરેસ ફાર્મીંગવધુ ઢોળાવોવાળી જમીનમાં ટેરેસ ફાર્મીંગ માટે જમીન વિકાસ નિગમના દરે હેક્ટર દીઠ રૂ. ૩૦,૦૦૦/-ની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

(ખ) **નાની સિંચાઇ તથા પીવાના પાણીના સ્ત્રોતઃ-**

(1) નાના ચેકડેમ /સામુદાયીક કુવા/સામુદાયીક ટ્યુબવેલઃ-ઉપરવાસમાંથી આવતા વરસાદનું રોકી સ્થાનિક સ્ત્રોતોના રિચાર્જીગ તેમજ નાની સિંચાઇ માટે નાના ચેકડેમ



Scanned by CamScanner

/સામુદાયીક કુવા/સામુદાયીક ટ્યુબવેલ માટે જે તે સ્થળની જરૂરિયાત મુજબ પ્રતિ માળખા માટે રૂ.૭.૦૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર થશે. ચેકડેમ માટે જે તે જિલ્લાના સિંચાઇ વિભાગના S.O.R.ના દરે આ કામગીરી કરવાની રહેશે. તે જ રીતે કુવા તથા ટ્યુબવેલ માટે GWRDC અથવા પાણી પુરવઠા બોર્ડના S.O.R. મુજબ કામગીરી કરવાની રહેશે. આ કામગીરી સામુદાયીક ધોરણે લાભાર્થીઓના ક્લસ્ટરમાં લેવાની રહેશે.

(૨) પાણીના સ્ત્રોત ઉપર પંપ અને મશીનરી:-પાણીના સ્ત્રોતથી લાભાર્થીના ખેતર સુધી પાણી પહોચાડવા ડીજલ એંજીન અને પપીંગ મશીનરી માટે રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદામાં તથા અંદાજે ૩૦૦ મીટર જેટલી HDPE/PVC પાઇપ (90mm) લાઇન માટે રૂ.૫૦,૦૦૦/- સુધી કુલ રૂ.૧.૦૦ લાખ ખર્ચ મળવાપાત્ર થશે.ડીજલ એંજીન અને પપીંગ મશીનરી માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન રેટ કોંટ્રાક્ટ મુજબ ખરીદી કરવાની રહેશે તેમજ HDPE/PVC પાઇપ માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા નક્કી કરેલ પ્રવર્તમાન રેટ કોંટ્રાક્ટ દરે ખરીદી કરવાની રહેશે.

(ગ) કુષિ ક્ષેત્રે ટપક સિંચાઇ (ડ્રીપ ઇરિગેશન):- આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૦/૦૬/૨૦૦૮ અને તા.૦૯/૦૭/૨૦૦૮ના ઠરાવોથી આદિવાસી ખેડૂતોને ટપક સિંચાઇથી ખેતી કરવા માટે નાણાંકીય સહાય પુરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે, તે મુજબ વ્યક્તિગત મળવાપાત્ર સહાયની કુલ કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૬૦,૦૦૦/- એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય જી.જી.આર.સી દ્વારા આપવામાં આવશે તેવી જોગવાઇ થયેલ છે. આ યોજનામાં કુલ ખર્ચના ૫૦ ટકા જી.જી.આર.સી.નો ફાળો, ૨૫ ટકા રકમ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની નાની સિચાઇ માટેની કોઇ પણ યોજનામાંથી ફાળો અને ૨૫ ટકા લોન કોમ્પોનન્ટ તરીકે ગણી આ યોજનાનું અમલીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.આ જોગવાઇ ધ્યાને લઇને વનવિસ્તારના આદિવાસી ખેડૂતોના સશક્તિકરણની યોજના અંતર્ગત ટપક સિંચાઇથી ખેતી કરવા માટે ૨૫ ટકાની સહાય પુરી પાડી શકાશે. આ સહાય ઉક્ત હેતુ માટે ચુકવાય તે જોવાની જવાબદારી સંબધિત પ્રાયોજના વહિવટદારની રહેશે.

**(ઘ) કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ શાકભાજી માટે કૃષિ કીટ:-** કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ શાકભાજીના વાવેતર માટે ખેડુતોને ઉચ્ચ કક્ષાની ગુણવત્તાવાળા શાકભાજીના બિયારણ,યુરિયા,ડીએપી તેમજ એમઓપી (પોટાશ) ખાતરની રૂ.૩,૫૦૦/-ની મર્યાદામાં કૃષિ કીટ આપી શકાશે. કૃષિ યુનિવર્સિટી દ્વારા એગ્રો-ક્લામેટીક ઝોન મુજબ શાકભાજીની જાત અને પ્રકાર વગેરે નક્કી કરી શકાશે.

**(ચ) વૈજ્ઞાનિક તેમજ આધુનિક પધ્ધતિથી ખેતી અંગે તાલીમ:-**

ઉપર જણાવેલ કામોના લાભાર્થીઓને વૈજ્ઞાનિક તેમજ આધુનિક પધ્ધતિથી જમીન સુધારણા, કૃષિ, સિંચાઇ વગેરે બાબતોએ તાલીમ આપવાના હેતુથી લાભાર્થીઓને સ્વૈચ્છિક સંસ્થાઓ, જમીન વિકાસ નિગમ, તેમજ અન્ય નિષ્ણાતો દ્વારા તાલીમ આપવા પ્રતિ તાલીમાર્થી દીઠ રૂ.૭૫૦/-ની મર્યાદામાં ખર્ચ નક્કી કરવામાં આવે છે.



Scanned by CamScanner

આ તાલીમ (૧) કૃષિ યુનિવર્સિટી અથવા સંલગ્ન સંસ્થાઓ, (૨) આદિવાસી સંશોધન અને તાલીમ સંસ્થા ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ (૩) કૃષિ વિકાસ કેન્દ્રો,(૪) વન વિભાગ હસ્તક સંસ્થાઓ,(૫) ગુજરાત જમીન વિકાસ નિગમ સંલગ્ન સંસ્થાઓ દ્વારા આપવામાં આવશે. યોજના અંતર્ગત કામગીરીના લક્ષાંક અને મંજૂરી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવશે.

(છ) કાર્ય પદ્ધતિ અને અમલવારી:- (૧) આ યોજનાની અમલવારી માટે નીચે જણાવેલ સમિતિની રચના કરવાની રહેશે.

| | |
|---|---|
| (૧) પ્રાયોજના વહીવટદારશ્રી. | અધ્યક્ષ |
| (૨) જે તે વિસ્તારના સંસદસભ્યશ્રી સભ્ય | સભ્ય |
| (૩) જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી | સભ્ય |
| (૪) સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય |
| (૫) જીલ્લા વન અધિકારીશ્રી | સભ્ય |
| (૬) કાર્યપાલક અધિકારીશ્રી(પંચાયત) | સભ્ય |
| (૭) કાર્યપાલક અધિકારીશ્રી(સિંચાઇ, પંચાયત) | સભ્ય |
| (૮) કાર્યપાલક અધિકારીશ્રી(પા.પૂ) | સભ્ય |
| (૯) જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| (૧૦) જે તે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી | સભ્ય |
| (૧૧) જે તે વિસ્તારના ગુજરાત જમીન વિકાસ નિગમના અધિકારીશ્રી | સભ્ય |

ઉપર્યુક્ત સમિતિએ લાભાર્થીઓ, કામોની પસંદગી, તેમજ ખર્ચ વગેરે બાબતોએ મંજૂરીની કામગીરી કરવાની રહેશે.સમિતિની બેઠક દર ત્રણ માસમાં ઓછામાં ઓછી એક વાર મળશે અને નવા કામોની મંજુરીની દરખાસ્તો તપાસી તે ઉપર નિર્ણય લેશે તેમજ મંજુર કામોની પ્રગતિ તપાસશે અને તેની સમીક્ષા કરશે અને તે ઉપરનો અહેવાલ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરને રજુ કરશે.

(૨) યોજનાની અમલવારી જે તે જીલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીએ સંબધીત જીલ્લાકલેક્ટરશ્રીના પરામર્શમાં રહીને કરવાની રહેશે.

(૩) યોજનાની વહીવટી મંજૂરી ગુજરાત પેટર્ન મુજબ જે તે પ્રાયોજના વહીવટદારશ્રીએ આપવાની રહેશે.

(૪) મંજુર થયેલા કામ જે તે વિભાગની ક્ષેત્રીય કચેરીઓ મારફત કરવાના રહેશે.

(૫) સરકારે જે તે કામો માટે નક્કી કરેલ રેટ કોંટ્રાક્ટ અથવા નક્કી કરેલા દરે કામો કરવાના રહેશે.

(૬) યોજના અંતર્ગત ૩૦:૪૦:૩૦ ના ધોરણે તબક્કાવાર ચુકવણા કરવાનાં રહેશે.

(૭) યોજના અંતર્ગત કામગીરીના લક્ષાંક કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવશે.



Scanned by CamScanner

(૮) રાજ્ય કક્ષાએ અગ્ર સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નાયબ કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, સંયુક્ત નિયામકશ્રી (FRA) અને નાયબ નિયામકશ્રી આદિજાતિ વિકાસની બનેલ સમિતી દ્વારા આ યોજનાની સમયાંત્તરે સમીક્ષા કરવામાં આવશે.

૨. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. તેમજ વર્ષને અંતે રહેતી બચત સરેન્ડર કરવાની રહેશે. વર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૩. આ યોજના અંગેની અન્ય શરતો આ અંગેના તા. ૧૧/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક ૨૧૧૩/૫૩૮/ચ.૧ને આધિન રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણા વિભાગની તા.૦૭/૧૦/૨૦૧૪ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પરમાર)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ શંકુલ-૧,સચિવાલય ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી,આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧ શંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨ શંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.).
- વિભાગની સર્વે શાખાઓ.આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner